# સેક્ટર--૨૪નું શાકમાર્કેટ સગવડોથી વંચિત

## એક જ શહેરના મુખ્ય બે શાકમાર્કેટ વચ્ચે પણ તંત્રનો ભેદભાવ, વેપારીઓ અને ગ્રાહકોની પરેશાની

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સુખ,સગવડ અને સુવિધા દરેક ક્ષેત્રમાં હોવાના મસ મોટા દાવાઓને સેક્ટર-૨૪નું શાકમાર્કેટ અગવડો સાથે પડકારી રહ્યું છે. શહેરમાં અને ચોમાસાની ઋતુના બદલાતા મિજાજની સેક્ટર-૨૪ના શાકમાર્કેટને ભારે અસરો પહોંચે છે.

જેમાં ઉનાળામાં ધોમધખતો તાપ, ધૂળ અને ભારે ભીડ ગુંગણામણ પેદા કરે છે, જ્યારે શિયાળામાં તમામ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સેક્ટર-૨૧ અને સેક્ટર-૨૪ એમ.બે શાકમાર્કેટ મુખ્ય ગણાઈ રહ્યા છે. પરંતુ સુવિધા અને સગવડોની દૃષ્ટિએ સેક્ટર-૨૪નું શાકમાર્કેટ તંત્રનું અળખામણું હોવાનું લાગી રહ્યું છે. બારેમાસનો વેપાર ધરાવતા સેક્ટર-૨૪ના શાકમાર્કેટમાં પાયાની જ સુવિધાઓ ઉપલબ્ધ નથી. જેથી વેપારીઓ અને ગ્રાહકો પરેશાની ભોગવી રહ્યા છે. જેથી જનપ્રતિનિધિઓ આ શાકમાર્કેટ તરફે ધ્યાન આપી યોગ્ય કરે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં શાકભાજી ખરીદવા માટેના ઉત્તમ ગણાતા સેક્ટર-૨૧ અને સેક્ટર-૨૪ના શાકમાર્કેટ વચ્ચે તંત્ર દ્વારા ભેદભાવ રખાતા રહીશોમાં તંત્ર પ્રત્યે ફિટકારની લાગણી પ્રસરી છે. સેક્ટર-૨૧ માં શાકમાર્કેટ માટે પ્લેટફોર્મ સહિત છત અને તમામ સુવિધા પુરી પાડવામાં આવી છે, જ્યારે સેક્ટર-૨૪નું શાકમાર્કેટ ખુલ્લા આકાશ નીચે કોઈપણ સુવિધા વગર અસ્તીત્વમાં છે. બાર માસના વેપારમાં ઉનાળા, શિયાળો શાકભાજી ઉપલબ્ધ બનતા ઠંડીમાં સાંજે જલ્દી ઘેર ભેગા થઈ જવાની ગ્રાહકોની ફિતરતથી વેપારીઓ નુકશાન વેઠી રહ્યા છે. ચોમાસાની સિઝનમાં તો ઉપર આભ અને નીચે ધરતીના સથવારે કાદવકિચડ વચ્ચે પણ શાકભાજીનો ધંધો થઈ રહ્યો છે. આમ અનેક અગવડોથી ભરપૂર સેક્ટર-૨૪નું શાકમાર્કેટ વિકાસ ઝંખી રહ્યું છે.

જો કે રાજ્યભરમાં વિકાસના પાયા ઉપર ગતિશીલ ગુજરાત ૧૦૦ દિવસના ટાર્ગેટ સાથે સરકાર તમામ શહેરોને સુખ, સુવિધા અને સગવડો પુરી પાડવા કટિબદ્ધ છે ત્યારે રાજ્યના પાટનગરમાં મુખ્ય બે શાકમાર્કેટ વચ્ચેનો ભેદભાવ હટાવી સેક્ટર-૨૪ના શાકમાર્કેટનો વિકાસ તંત્ર દ્વારા ત્વરિત ધોરણે હાથ ધરાય તેવી માંગ વેપારીઓ અને ગ્રાહકો કરી રહ્યા છે. આ બંને શાકમાર્કેટમાં આખા ગાંધીનગરમાંથી લોકો શાકભાજી ખરીદવા આવે છે અને બારે મહિનાની જરૂરિયાત હોવાથી આ બાબતે ગંભીરતાથી વિચારણા કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન અને સ્તુતિ વંદના આજે રાત્રે ૯.૦૦ વાગે પુનમભાઈ ભટ્ટ બ્લોક નં. ૨૫/૩, છ-ટાઈપ ખાતે યોજાશે.
- શ્રી શિવશક્તિ શિવ મહિમ્ન સ્ત્રોત મંડળ સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯.૦૦ વાગે જ્યોતેશ્વર મહાદેવ સેક્ટર-૨૩ વિરાટનગર ખાતે યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે રાજેન્દ્રભાઈ ઓઝા ૧૨૯૯, શિવમ સોસાયટી સેક્ટર-૨૭ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે રામકથામાં આજે પાર્વતી માતા-પિતાના ઘરે તેમજ સ્કૂલ વિદ્યાર્થી સ્ટેશનરીના હિંડોળા ઝુલાવવામાં આવશે.

## રેશનલ સમાજ ગાંધીનગરની આજે માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૮

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૯મી ઓગસ્ટને સાંજે ૫.૦૦ વાગે બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર નિસર્ગ સેન્ટર ખાતે મળશે. મંત્રીશ્રી પંકજ પટેલે જણાવ્યું છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં મહિલા સશક્તિકરણ અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. એન.સી.એ. કોલેજના પ્રોફેસર શ્રી ખ્યાતિબેન રાવલે શિક્ષણ દિવસની ઉજવણી, ટેકનોલોજીમાં કોલ સેન્ટર, પ્રોવાઈડર સોફ્ટવેર, ડેવલપમેન્ટ, ટેલિફોન સર્વિસ વગેરે ક્ષેત્રોમાં મહિલાઓની રોજગારી વિશે માર્ગદર્શન આપ્યું. તેમજ અલગ અલગ ક્ષેત્રોમાં ખ્યાતનામ સ્ત્રીઓના ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓને મનપસંદ ક્ષેત્રમાં સુંદર દેખાવ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

આઈ.આઈ.ટી.ઈ.ના વડા ડૉ. રવિરાજ રાજપુરાએ આઈ.આઈ.ટી.ઈ.નો પરિચય આપ્યો હતો. આઈ.આઈ.ટી.ઈ.ના શિક્ષકો બીજી યુનિવર્સિટી કર્તા અલગ છે. તે વિષે માહિતીની સમજ આપી હતી. કોઈપણ ફેકલ્ટીનું શિક્ષણ દરરોજના જીવનમાં કેવી રીતે ઉપયોગી બને છે. આ ઉપરાંત ટેકનોલોજીનો શિક્ષણ અને વ્યવહારમાં સારો ઉપયોગ કામમાં આવે છે.

આચાર્યાબેનશ્રી સંતોકબેન, મહેમાનશ્રીનું સ્વાગત કરી મોમેન્ટો દ્વારા સન્માન કર્યું હતું. સુપરવાઈઝર શ્રી ચારૂલબેને આભાર વ્યક્ત કર્યો હતો.

## બાઈક સ્લીપ થવાના બે બનાવોમાં ચારને ઈજા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક ચંદ્રાલા ગામ પાસે અને માણસા ખાતે અલગ-અલગ બન્ને વિસ્તારોમાં બાઈક સ્લીપ થઈ જવાના બે બનાવો બનવા પામ્યા છે. ઉપરોક્ત બન્ને બનાવોમાં ચારને ઈજાઓ થવા પામી છે. અમદાવાદ રામપુર વિસ્તારના ભટ્ટ મુંજાલભાઈ અને તેમની પાછળ બેસેલી એક યુવતી માણસા પાસેથી પસાર થતા હતા ત્યારે તેમનું બાઈક સ્લીપ ખાઈ ગયું હતું ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. તો બીજી તરફ પ્રાંતિજ તાલુકાના કરોલ વિસ્તારના ૩૦ વર્ષિય વિજયસિંહ મકવાણા અને ૫૫ વર્ષિય ગુણવંતભાઈ પટેલ બાઈક લઈને ચિલોડા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ચંદ્રાલા પાસે બાઈક સ્લીપ થતા બન્ને ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા.

## મહાત્મા મંદિર પાસે બાઈક અને વાન વચ્ચે અકસ્માત બે ને ઈજાઓ

ગાંધીનગર શહેરના સે. ૨૬ પ્લોટ નં. ૧૭૩/૧ ખાતે રહેતો ૧૮ વર્ષિય યુવાન યોગેશ સુથાર તેના મિત્ર દક્ષેશ સાથે બાઈક લઈને કેપીટલ રેલવે સ્ટેશન તરફ જઈ રહ્યો હતો. તે દરમ્યાન મહાત્મા મંદિરની પાછળના માર્ગે એક મારૂતી વાને બાઈકને ટક્કર મારતા બન્ને યુવાન મિત્રોને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. આ બનાવ બાદ બન્ને યુવાનોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા.

# જ્યોતિ મહિલા મંડળના ઉપક્રમે કડી વિદ્યાલયમાં કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૮

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર, કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કાનૂની સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલા સશક્તિકરણ પખવાડિયું ચાલી રહ્યું છે ત્યારે વિવિધ સંસ્થાઓ, સ્કૂલો દ્વારા વિદ્યાર્થીનીઓ અને બહેનોને કાનૂનના પાઠ ભણાવવામાં આવી રહ્યા છે. ત્યારે જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કાનૂની સત્તામંડળ દ્વારા શાળામાં કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૧૨૦૦ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

શિબિરની શરૂઆતમાં સંસ્થાના કો-ઓર્ડિનેટર કૌશલ્યાબેન દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે મહેમાનોનું પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. રક્ષિતાબેન ઉપાધ્યાયે મહેમાનોનો પરિચય આપ્યો હતો. કાનૂની શિબિરમાં જજ શ્રી ડી.એમ. વ્યાસ, ફેમિલી જજ ડી.ટી. સોની અને એમ.એ. મિરજા ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં બહેનોને કૌટુંબિક પ્રશ્નો, ઘરેલું હિંસાનો કાયદો, મહિલાઓના રક્ષણના કાયદા વીડિયો ક્લિપીંગ અને દૃષ્ટાંત આપી સરળ અને રસપ્રદ શૈલીમાં સમજાવ્યા હતા. ક્રાઈમ સેલના ડી.વાય.એસ.પી. શ્રુતિબેન મહેતાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કરી માહિતી પુરી પાડી હતી. શિબિરમાં જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસી દ્વારા આભારવિધિ કરવામાં આવીહતી અને કાર્યક્રમનું સંચાલન કુ. ચેતના બૂચે કર્યું હતું.

# ફાર્માસીસ્ટની ગેરહાજરીના લીધે મેડીકલ સ્ટોર્સ જન આરોગ્ય માટે જોખમી

## ફાર્માસીસ્ટો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર અપાયું

ગાંધીનગર, તા. ૮

રાજ્યમાં ચાલતા મેડીકલ સ્ટોર્સમાં કાયદાનું સદંતર ઉલ્લંઘન થતુ હોવાની બૂમરાણ મચી છે. ડૉક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર જન આરોગ્ય જોખમમાં મુકતી દવાઓનું વેચાણ થાય છે. જેને લઈ રાજ્યના ફાર્માસીઓ દ્વારા આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ મામલે જરૂરી પગલા લેવાની માંગ કરવામાં આવી હતી.

મેડીકલ સ્ટોર્સમાં નિયમ મુજબ ફાર્માસીસ્ટની હાજરીમાં જ દવાનું વેચાણ થવુ જોઈએ. જ્યારે હાલ ગુજરાતના ૭૦ ટકા મેડીકલ સ્ટોર્સમાં ફાર્માસીસ્ટની ગેરહાજરીમાં નશાકારક ગર્ભપાતની દવાઓનું ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર વેચાણ થાય છે. અગાઉ પણ આ અન્વયે રાજ્યના તમામ ફાર્માસીસ્ટોએ અમદાવાદથી ગાંધીનગર રેલી કાઢીને ફૂડ અને તંત્ર કમિશનરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. પરંતુ આ અંગે કોઈ પગલા લેવાયા નથી. જેના પરિણામે હવે રાજ્યના તમામ જિલ્લાઓમાં એક સાથે ફાર્માસીસ્ટો ભેગા થઈ જિલ્લાઓના કલેક્ટરને રજૂઆત કરવાનો નિર્ણય લીધો છે. આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટરને પણ આ અન્વયે આવેદનપયત્ર સુપ્રત કરી રજુઆત કરવામાં આવી હતી. જેમાં જનઆરોગ્યને જોખમમાં મુકતા આ પરિબળોને ડામવા જણાવાયું હતું. પડોશી રાજ્યોની જેમ ગુજરાતમાં નિયમ અને કાયદા મુજબ વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ લાગણી અને માંગણી ઉઠવા પામી છે.



શ્રાવણ મહિના પાવન પર્વે ભગવાન શિવને રિઝવવા પૂજન - અર્ચનની પરંપરા પૂરજોશમાં ચાલે છે. સેક્ટર-૨૩ ખાતે બીલીપત્ર આકારના પાર્થેશ્વર મહાદેવના પૂજન - અર્ચન માટે ભાવિકો શ્રદ્ધાપૂર્વક પૂજન અર્ચન કરે છે.
(તસવીર : દિપક જાની)

# શહેરની ૫૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન અપાયું

## સેમિનાર બાદ ડીએસપી કચેરી ખાતે વૃક્ષારોપણ અને હથિયાર નિર્દેશનનો કાર્યક્રમ પણ કરાયો

ગાંધીનગર, તા. ૮

સરકારના મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે આજે ઉપરાંત જિલ્લાની વિવિધ કોલેજોની છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી ૫૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી. ઉપસ્થિત રહેલા શ્રીમતિ મમતાબેન રાવલ તથા પ્રફુલ્લભાઈ ગઢવીએ વિદ્યાર્થિનીઓને કારકિર્દી ઘડતર



ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ડીએસપી કચેરી ખાતે કારકિર્દી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા કૌશલ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે આજે સવારે ડીએસપી કચેરીના તાલીમ કેન્દ્ર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર કાર્યક્રમની શરૂઆતમાં પી.આઈ. પી.સી. વાલેરાએ આમંત્રિત મહેમાનોને આવકારીને સેમિનારના આયોજન અંગે જાણકારી આપી હતી. ઈન્ચાર્જ ડીએસપી એલ.એન. જેઠવાએ દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો.

વક્તા તરીકે વિશેષ અંગે માર્ગદર્શન આપી હતી. કાર્યક્રમના અંતે પી.આઈ. મિનાક્ષીબેન પટેલે સેમિનારમાં ઉપસ્થિત રહેવા બદલ સંસ્થાઓ, શિક્ષકો અને વિદ્યાર્થિનીઓનો આભાર માન્યો હતો. કાર્યક્રમની સમાપ્તિ બાદ ડીએસપી કચેરી ખાતે વૃક્ષારોપણ અને ફરિયાદ નિર્દેશનનો કાર્યક્રમ પણ ગોઠવાયો હતો.



લાયન્સ-લાયોનેસ ક્લબ ગાંધીનગર તેમજ સરકારી અર્બન દવાખાના સેક્ટર-૨૪ના સહયોગથી સેક્ટર-૨૪ અને ૨૫ ની ૭૦ સગર્ભા મહિલાઓને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીઓ તથા ફ્રુટનું વિતરણનો કાર્યક્રમ સેક્ટર-૨૪ સરકારી પ્રાથમિક શાળામાં યોજવામાં આવ્યો. આ પ્રસંગે સેક્ટર-૨૪ સરકારી દવાખાનાના શ્રી ડૉ. હર્ષદ સુતરીયા, લાયન્સ પ્રમુખ જશવંતસિંહ રહેવાર, પૂર્વ પ્રમુખ લા. ડૉ. ડી.પી. ત્રિવેદી, લા. મહેન્દ્રભાઈ પરમાર તથા લાયોનેસ ક્લબ ગાંધીનગરના પ્રમુખ ચંદાબેન યાદવ, પૂર્વ પ્રમુખ પ્રિયા માનેક, ટ્રેઝરર દક્ષા જાદવ, ડૉ. પાયલબેન તથા દવાખાનાનો સમગ્ર સ્ટાફ હાજર રહેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. હર્ષદ સુતરીયા તથા સેક્ટર-૨૪, પ્રાથમિક શાળાના આચાર્યા બહેનશ્રીએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૫
સૂર્યાસ્ત : ૭.૧૫

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૭૦ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એન્ટરટેઈન્મેન્ટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
એન્ટરટેઈન્મેન્ટ : ૧૨.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
હરક્યુલસ(અંગ્રેજી) (૩ડી) : ૬.૦૦
એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
જીગર ઠંડા (તમીલ) : ૭.૦૦
કીક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
કીક :૧૦.૦૦,
એન્ટરટેઈન્મેન્ટ : ૨.૦૦, ૫.૦૦, ૭.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
કીક : ૧૨.૦૦, ૬.૦૦
એન્ટરટેઈન્મેન્ટ : ૩.૦૦, ૯.૦૦

### ધાર્મિક કાર્યક્રમ

- શ્રાવણ સુદ તેરસ , તા. ૯-૮-૨૦૧૪, શનિવારના રોજ બગીચાના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

**વૃષભ** : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

**કર્ક** : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

**કન્યા** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**તુલા** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**ધન** : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. રેશમબેન ચતુરજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ. તારાપુર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. નેનાજી મોતીજી ઠાકોર (ઉ.વ.૧૦૫) ગામ - પ્રાતિયા, તા.જી.ગાંધીનગર
- સ્વ. ભૌમિક ભરતભાઈ ભાવસાર (ઉ.વ.૨૪) સી-૨/૮, સેક્ટર-૨૮, ગાંધીનગર
- સ્વ. મણીભાઈ જોઈતારામ પટેલ (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૧૬૨/૧, સેક્ટર-૨૬, ગાંધીનગર